
જન્મશતાબ્દી પુસ્તકમાળા

# ભાવિ મહાભારત આ રીતે લડાશે



ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :



ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો- ।
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર

http://awgp.org

# ભાવિ મહાભારત આ રીતે લડાશે

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે :

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

દેવીઓ તથા ભાઈઓ !

## ભાવિ મહાભારત આ રીતે લડાશે

દેવીઓ અને ભાઈઓ, સંઘર્ષ કર્યા વગર દુષ્ટ તત્વોને દૂર કરી શકાતા નથી. એમના કેટલાક અંગત સ્વાર્થનો એમને ચસકો લાગે છે અથવા પોતાની મૂર્ખાઈને તેઓ પોતાના વટનો મુદ્દો બનાવી દે છે. તેઓ એમાંથી પાછા હઠવા માગતા નથી. એમની બુદ્ધિમતા અને એમનો અહંકાર એમના ઘમંડને એટલો બધો વધારી દે છે કે તેમના વિચારો એનું જ સમર્થન કરે છે. કોઈ ઘરડો માણસ કોઈક ભૂલ કરે અથવા તો ચાર ધામની યાત્રા કરી આવે અને બધા પૈસાનો ધુમાડો કરીને પાછો આવે ત્યારે જો તમે તેની ભૂલ બતાવશો તો તે માનશે નહિ અને ઉપરથી બીજા લોકોને પણ કહેશે કે હું તો મુક્તિ મેળવી આવ્યો. તમે પણ મેળવી આવો. એને તમે સમજાવો તો માનશે નહિ. કેટલાક માણસો એવા હોય છે કે તેમને જડ જેવા કહી શકાય. તેઓ પોતાની ભૂલને પ્રેસ્ટિજ પોઈંટ બનાવી દે છે. લગ્ન જેવા પ્રસંગોને પોતાના નાકનો પ્રશ્ન બનાવી દે છે. તેઓ કહે છે કે અમારા બાપદાદાના સમયમાં આ રીતે લગ્નો થતાં હતા. તમે જે કહો છો તે સાચું છે, તેને માનવું જોઇએ, પણ હું શું કરું ? અમારે ત્યાં તો આવું જ થાય છે.

આ જ રીતે રૂઢિવાદીઓથી માંડીને જેમનો સ્વાર્થ રહેલો હોય છે, જાગીરદારોથી માંડીને તાલુકેદારો સુધી અને પંડા-પૂજારીઓથી માંડીને બીજાં અસામાજિક તત્વો સુધી જેમની દાઢમાં હરામના પૈસાનો, હરામની કમાણીનો ચસકો લાગી ગયો છે,લાંચરુશવતનો ચસકો લાગી ગયો છે તેઓ શું સીધી રીતે માનશે ખરા ? આપણે જ્યારે સમજાવીશું ત્યારે હા હા કરશે અને કહેશે કે તમે બિલકુલ સાચું કહ્યું, ખરેખર એવું જ થવું જોઇએ. તેઓ ભ્રષ્ટાચાર વિરોધી સમિતિના પ્રમુખ બની જશે અને ધૂમ ભ્રષ્ટાચાર કરશે.

આવા લોકોની સંખ્યા જ વધારે છે. એમની સાથે કઈ રીતે કામ પાર પાડવું ? આપણે તેમને સમજાવીએ છીએ એના કરતાંય તેઓ બીજાને વધારે સારી રીતે સમજાવી શકે છે. એમને સમજાવવાથી કોઈ અસર થતી નથી. એવા જડ લોકો વાતોથી સમજી શકતા નથી.

અનીતિનો વિરોધ જરૂરી -

તો પછી શું કરવું ? રચનાત્મક કાર્યો કરવાથી લોકોમાં રમ કરવાની અને સેવા કરવાની વૃત્તિનો વિકાસ તો થાય છે. આ દૃષ્ટિએ તે ખૂબ સારું છે. જે કાર્યો થતાં નથી તે થવા માંડશે. જે વિકાસ નથી થયો તે થવા લાગશે, પરંતુ જેમનો અંગત સ્વાર્થ વચ્ચે આડો આવતો હોય તેમનું શું કરવું ? એના માટે બીજી કોઈ રીત નથી. એક જ રીત છે કે તેમની સામે સંઘર્ષ કરવો. તેમને ધમકાવવા જોઇએ, તેમનો સામો કરવો જોઇએ અને તેમની સામે મોરચો માંડવો જોઇએ. જ્યારે મોરચો માંડવો અનિવાર્ય બની જાય ત્યારે માણસનો વિવકે અને શૌર્ય જાગી જાય છે. જ્યારે ઋષિઓનું શિક્ષણ કામ ના લાગ્યું, રામાયણ તથા ભાગવતની કથાઓ સફળ ના થઈ ત્યારે ભગવાને ધનુષ્યબાણ સંભાળવા પડયાં અને અવતાર લેવો પડયો.

આજે એવો જ સમય આવી ગયો છે. અસામાજિક તત્વો સામે ભયંકર સંઘર્ષ કરવો પડશે. એ સહજ રીતે પાર પડવાનો નથી. એ તત્વો ઉપદેશથી માનવાનાં નથી. એવા સંત ક્યાંથી આવે, જે બધાને સીધા કરી દે ? નારદજીએ એક જ વાલિયાને સુધાર્યો હતો. બધા ડાકુઓને ક્યાં સુધારી શકયા હતા ? બાકીના ડાકુઓને તો સંઘર્ષ કરીને જ સુધારી શકાય. સંઘર્ષ કરવા માટે માણસો માણસો વચ્ચે ટક્કર લેવાની જરૂર નથી, પરંતુ વિચારો વચ્ચે જબરદસ્ત ટક્કર થવાની છે.

હિંદુસ્તાનમાં મહાભારત થયું. મહાભારત પછી એવી પરિસ્થિતઓ ઊભી થઈ કે જેને આજ સુધીમાં સુધારી શકાય નથી. બીજું વિશ્વયુદ્ધ થયું. યુદ્ધોમાં મનુષ્યોને મારી નાખવામાં આવે છે, લાખો માણસોની હત્યા થઈ જાય છે અને અસંખ્ય માણસો અપંગ બની જાય છે. એનાથી આખા સમાજનું વિઘટન થઈ જાય છે. કોઈ લાભ થતો નથી. આથી ભવિષ્યમાં યુદ્ધ તો થશે જ,

આવા લોકોની સંખ્યા જ વધારે છે. એમની સાથે કઈ રીતે કામ પાર પાડવું ? આપણે તેમને સમજાવીએ છીએ એના કરતાંય તેઓ બીજાને વધારે સારી રીતે સમજાવી શકે છે. એમને સમજાવવાથી કોઈ અસર થતી નથી. એવા જડ લોકો વાતોથી સમજી શકતા નથી.

પરંતુ તે રાઈફલો, તોપો કે એટમબોંબનું યુદ્ધ થશે એવું હું કહેતો નથી. કદાચ થાય પણ ખરું અને ન પણ થાય, પરંતુ સતયુગ લાવવા માટે જે મહાયુદ્ધની જરૂર છે, જે મહાભારતની જરૂર છે તે કંઈક અજબ પ્રકારનું હશે. એમાં દરેક વિવેકવાન માણસે દરેક અવિવેકી માણસ સાથે લડવું-ઝઘડવું  પડશે. સમજાવવાની સાથે જે કામ કરવું પડે છે તેની શરૂઆત વિરોધના રૂપમાં થશે. જે માણસો ખોટા કામ કરે છે એમની સાથે અસહકાર અને વિરોધ પણ કરવો જોઇએ.

### પહેલું ડગલું અસહકાર-

આપણી પહેલી ભૂલ એ થાય છે કે જ્યારે આપણને એવું લાગે કે આ માણસ આપણને હેરાન કરશે તથા નુકસાન કરશે ત્યારે આપણે તેની 'હા' માં 'હા' મેળવીએ છીએ. તેનો ખુલ્લો વિરોધ કરતા નથી. તેની સાથે અસહકાર કરતા નથી, પરંતુ તેના સહયોગી બની જઈએ છીએ. મનુષ્યની આ કાયરતા જ ગુંડાગીરી અને પાપોને વધારવામાં સહાયક નીવડે છે. માણસ જો છાતી કાઢીને ઊભો રહી જાય અને કહે કે હું તારા ખોટા કામમાં મદદ નહિ કરું, તો દુષ્ટોની હિંમત પચાસ ટકા ઓછી થઈ જાય છે. આપણામાં લડવાની બહાદુરી ના હોય, તો આવું કહેવાની તો હોવી જ જોઇએ. જો કોઈ વોટ માગવા માટે આવે તો એને કહો કે તમારી ચાલચલગત એવી નથી અને તમે એવા લાયક પણ નથી કે અમે તમને ધારાસભામાં મોકલીએ, અમે તમને વોટ નહિ આપીએ, તો તેની અડધી હિંમત ઓછી થઈ જશે. જો તમારામાં વિરોધ કરવાની કે લડવાની શક્તિ ના હોય, તો થોડીકવાર સુધી ચુપ પણ બેસી શકો છો અને સંઘર્ષનો સમય આવે તેની રાહ પણ જોઈ શકો છો, પરંતુ કોઈ પણ ભોગે એવાઓને સમર્થન તો ન જ આપવું જોઇએ, એમના સહાયક તો ન જ બનવું જોઇએ.

સંઘર્ષની શરૂઆત અહીંથી થાય છે. લડાઈમાં બંને બાજુના લોકો ઘાયલ થાય છે.

આપણને પોતાને પણ વાગશે એમ માનીને લડાઈના મેદાનમાં આવવું જોઇએ. એવા માણસોએ જ સંઘર્ષના મોરચે જવું જોઇએ. જે માણસ લડાઈ લડે છે તે જખમી થાય છે. વિરોધ કરવાના કારણે કોઈ આપણી ઉપર હુકમો કરે તથા આપણને નુકસાન પહોંચાડે તો એ માટે પણ તૈયાર રહેવું જોઇએ. માણસની અંદર એવી હિંમત પેદા થવી જોઇએ. જો માણસમાં એટલી હિંમત આવી જાય અને અસહકાર કરવાનું સાહસ જાગે, ખોટાને ખોટા કહેવાનું સાહસ જાગે તો સમજવું જોઇએ કે પાપ, અનીતિ અને અનાચારની વિરુદ્ધ સંઘર્ષ કરવામાં અડધી સફળતા મેળવી લીધી.

### આગળનું ચરણ વિરોધ -

હવે તેનાથી આગળ વધીને વિરોધ પણ કરવો પડશે અને તેમની આજ્ઞાઓનું ઉલ્લંઘન પણ કરવું પડશે. જો પિતા કહે કે મારે તો વીસ હજાર દહેજ લેવાનું છે, તું મારું કહેવું માન. શ્રવણે તેના પિતાનું કહેવું માન્યું હતું અને રામચંદ્રે પણ માન્યું હતું. તું મારો પુત્ર છે અને હું પિતા છું. હું તારું લગ્ન કરાવી રહ્યો છું, મારે મારું કહેવું માન. બાપનો હુકમ ન માનવાની પુત્રમાં હિંમત હોવી જ જોઇએ. તેણે પિતાને પ્રણામ કરીને કહેવું જોઇએ કે હું તમારું સન્માન કરું છું, તમને પ્રેમ કરું છું, હું તમારી સેવા કરીશ, પરંતુ તમારી ખોટી આજ્ઞાનો સ્વીકાર નહિ કરું. પિતાની ખોટી વાતનો અસ્વીકાર કરવાથી મર્યાદાનું ઉલ્લંઘન થતું નથી. પિતા કરતાં ધર્મ મોટો છે, વિવેક મોટો છે અને ન્યાય મોટો છે.

### ન્યાયનિષ્ઠાના ઉદાહરણ -

પ્રહલાદ હિરણ્યકશ્યપનો પુત્ર હતો. હિરણ્યકશ્યપ કહેતો હતો કે ઈમાનદારી કે બેઈમાનીથી તું સોનું કમાઈ લાવ. રામનું નામ લેવાથી કે સમાજનું ભલું વિચારવાથી શો ફાયદો ? એવું તે કહેતો હતો. પ્રહલાદે કહ્યું કે પિતાજી, સોનાની કોઈ જરૂર નથી. આપણા દેશમાં ગરીબ અને દુખી લોકો રહે છે, તો પછી આપણે ઓછામાં કેમ ચલાવી ન શકીએ ? આપણી પાસે જે છે તે પૂરતું છે. હું મારી આખી જિંદગી ધન કમાવામાં શા માટે વેડફી નાંખું ? આપણે સારાં કામ કરવા જઈએ અને ભગવાનની આજ્ઞા પ્રમાણે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે પ્રયત્ન કરવો જોઇએ.

હિરણ્યકશ્યપે પ્રહ્લાદને અનેક રીતે  ત્રાસ આપ્યો, છતાં પ્રહ્લાદે તેનું કહેલું માન્યું નહિ.

કોઈ માણસ વડીલ હોય, આગેવાન હોય કે પંચનો સભ્ય હોય, પણ જો તે ખોટું કામ કરવાનું  કહેતો હોય તો તે માનવું જોઇએ નહિ. મોટે ભાગે આપણા કુટુંબીઓ આપણને ખોટી રીતે ધન કમાવા અને ખોટું કામ કરવા માટે પ્રોત્સાહન આપે છે, પરંતુ તેમની સલાહની આપણે અવજ્ઞા કરવી જોઇએ.

વિભીષણનું ઉદાહરણ પણ આવું જ છે. રાવણ તેનો મોટો ભાઈ હતો. સામાન્ય રીતે મોટાભાઈની વાત માનવી જોઇએ, પરંતુ જો મોટો ભાઈ કોઈ ખોટું કામ કરતો હોય તો નાના ભાઈએ તેને સમર્થન ન જ આપવું જોઇએ. રાવણ ખરાબ કામ કરતો હતો. તેણે વિભીષણને કહ્યું કે તું મારો ભાઈ છે, તેથી હું જેવું કરું છું તેવું તું પણ કર. વિભીષણે કહ્યું કે હું તમારા કુટુંબનો છું, પરંતુ હું તમારી ખોટી વાત માનવા માટે અને ખોટા કામમાં સહયોગ આપવા માટે તૈયાર નથી. વિભીષણે પોતાના ભાઈનું કહેલું માન્યું નહિ. તે પોતાના ભાઈઓને છોડીને રામ પાસે જતો રહ્યો. આવો સંઘર્ષ ઘરના સભ્યો સાથે કરી શકાય.

ભરતે કૈકયીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું હતું. કૈકેયી કહેતી હતી કે હું તારી મા છું અને તું મારો પુત્ર છે. માનું કહેલું પુત્રે માનવું જોઇએ. તારે રાજગાદી પર બેસવું જોઇએ અને રામને વનમાં જવા દેવા જોઇએ. ભરતજીએ કહ્યું કે તમે મારી માતા છો, તેથી  હું તમારા પગ ધોઈશ અને તમને પ્રણામ કરીશ, પરંતુ તમારી ખોટી વાત કદાપિ નહિ માનું. મા કરતાં ભગવાન મોટા છે, આત્મા મોટો છે, ન્યાય મોટો છે. આપણા કુટુંબમાં પણ આવો સંઘર્ષ કરવો પડે તો કરવો જોઇએ.

### રૂઢિ નહિ, વિવેક અપનાવો -

આપણા સમાજમાં અનેક કુરિવાજો અને બૂરાઈઓ છે. ઘરડા લોકો, સ્ત્રીઓ અને જુનવાણી લોકો ગમે તે કહેતા રહે છે. તેઓ જૂના રીતરિવાજોને વળગી રહે છે. શું તેમની વાત માનવી જોઇએ ? વાળ ધોળા હોય એટલે તે સમજદાર હોય ખરો ?

ઘેટાંના વાળ પણ સફેદ હોય છે. ધોળા વાળવાળા ઘણા વૃદ્ધો બેવકૂફ જોવા મળે છે. તેમને દુનિયાદારીનું જરાય જ્ઞાન હોતું નથી. તેઓ પોતાનો જ કકો ખરો કરવા માગે છે, પરંતુ તેમની ખોટી વાત માનવી જ ન જોઇએ. ખાસ કરીને લગ્ન તથા દહેજ જેવી બાબતોમાં તો તેમની અવજ્ઞા કરવી જોઇએ. ખર્ચાળ લગ્નોની વિરુદ્ધમાં જે આંદોલન શરૂ કર્યું છે તેના માટે ઘરમાં સંઘર્ષ કરવો પડશે. જેઓ પુત્રને વેચીને, દહેજ લઈને દોલત ભેગી કરવા ઇચ્છે છે તથા લગ્નમાં ખોટા ખર્ચા કરે છે તેમનો વિરોધ કરવો જ પડશે. પ્રહલાદની જેમ દરેક નવયુવાને એમની સામે લડવા માટે તૈયાર થવું જ પડશે.

ડોશીઓ કહે છે કે દહેજમાં ફલાણી વસ્તુ નથી આવી, વહુએ આમ ન કર્યું, તેમ ના કર્યું. એમને કહો કે માતાજી, હું તમારી સેવા કરીશ, પરંતુ જો તમે ખોટી સરમુખત્યારશાહી ચલાવવા ઇચ્છશો તો હું તમારી વાત નહિ માનું. તમારે નારાજ થવું હોય તો થાઓ. ન્યાય મોટો છે. તમે ઇચ્છો કે હું મારી પત્નીને ડરાવું તથા ધમકાવું એ કેવી રીતે ચાલે ? હું ન્યાયને માનીશ. હું તમારી વાત કદાપિ નહિ માનું. આવો સંઘર્ષ માતાની વિરુદ્ધ તથા પિતાની સામે કરવો જોઇએ, ભાઈ સામે પણ કરવો જોઇએ, પત્ની સામે પણ કરવો જોઇએ, શંકરાચાર્ય પોતાની માતાને છોડીને જતા રહ્યા હતા. તેમણે માતાને કહ્યું કે તું મને ઘરગૃહસ્થી વસાવવાનું કહે છે અને સમાજની સેવા કરવાની ના પાડે છે, પરંતુ હું તારી વાત નહિ માનું. તું મા છે એ ખરું, પરંતુ હું તારી ખોટી વાત શા માટે માનું ? સામાજિક કુરિવાજોને દૂર કરવા મટો સંઘર્ષની શરૂઆત પોતાના ઘરથી જ કરવી જોઇએ.

સામાજિક બાબતોમાં આજે પણ જુનવાણી લોકો ખોટી રીતે ફસાયેલા છે. હું તો કાન્યકુબ્જ છું. કાન્યકુબ્જમાં અઢાર પેટા જ્ઞાતિઓ છે અને એમાંય હું વાજપેયી છું. હું તો અમારા સમાજમાં જ લગ્ન કરીશ. હું બીજા કોઈની વાત સાંભળું નહિ અને બીજાનું અડકેલું ખાઉં નહિ. આ તે કોઈ વાત છે ? આવા બેવકૂફ અને નકામાં લોકોની વાતો માનીને આપણે કઈ રીતે ન્યાય કરી શકીએ ? આપણે એવા લોકોનો વિરોધ કરવો પડશે. જે લોકો સમાજને બગાડી રહ્યા છે, બરબાદ કરી રહ્યા છે તેમની વિરુદ્ધ ગાંધીજીની જેમ અસહકાર તથા સત્યાગ્રહ કરવો પડશે.

અસહકાર અને સત્યાગ્રહનો વિકાસ થયા પછીથી તે ઘેરાવો કરવાના રૂપમાં ફેરવાય જશે. પહેલાં સત્યાગ્રહનું સ્વરૂપ જુદું હતું. અહિંસક સત્યાગ્રહમાં કોઈ માણસ દરવાજામાં આડો પડી જતો અને કહેતો કે જો તારે આગળ વધવું હોય તો મારી છાતી પર થઈને જવું પડશે અને એવા બેશરમ લોકો પણ હતા કે જેઓ છાતી પર પગ મૂકીને આગળ વધતા હતા. હવે એવા લોકોને છૂટ આપી શકાય નહિ. હિંસાત્મક અને અહિંસાત્મક સત્યાગ્રહ વચ્ચેનો એક બીજો રસ્તો શોધવામાં આવ્યો છે. તેનું નામ છે ઘેરાવ. કોઈ માણસને હજાર બે હજાર લોકો ચારેય બાજુથી ઘેરીને બેસી જાય છે અને તેને બહાર જવા દેતા નથી. તેઓ તેને મજબૂર કરી દે છે. આવો ઘેરાવો કરવો જોઇએ. જયાં ખોટા કામ થતાં હોય, લાંચ લેવાતી હોય, ભેળસેળ કરવામાં આવતી હોય, અન્યાય થતો હોય, બેઈમાની થતી હોય ત્યાં લોકોને ઘેરાવો કરીને અટકાવવા જોઇએ. આ માટે આપણે સંઘર્ષ સેના ઊભી કરવી પડશે. એની તાકાતથી આવા દુષ્ટ લોકોને ડરાવી શકાશે. જે લોકો માનતા ન હોય અને ખોટું કામ કરતા હોય, સમાજ પર ખોટો પ્રભાવ પાડતા હોય, પોતાની નાનકડી છોકરાના લગ્ન કોઈ પ્રૌઢ સાથે કરતા હોય તેને ત્યાં માત્ર સત્યાગ્રહ નહિ, પણ ઘેરાવ કરવો જોઇએ. જે વર નાની છોકરી સાથે લગ્ન કરી રહ્યો હોય તેને ઘોડા પર આગળ વધવા દેવો જોઇએ નહિ. બે હજાર લોકોએ તેનો રસ્તો રોકીને ઉભા થઈ જવું જોઇએ. છોકરીના બાપને એક ઓરડામાં પૂરી દેવો જોઇએ. પછી એનું પરિણામ ભલે ગમે તે આવે, કદાચ જેલ જવું પડે તો તૈયાર રહેવું જોઇએ.

પશુબલિ જેવા ઘટિત કાર્યને અટકાવવું જોઇએ. માંસ ખાવું ન જોઇએ. દેવતા કોઈ માણસ નથી. તેમને પશુબલિ આપીને બદનામ ન કરવા જોઇએ. એ દેવને આપણે બદનામ ન થવા દેવા જોઇએ. કોઈ દેવ કે દેવી માત્ર તમારી જ નથી, મારી પણ છે અને આખા હિંદુ સમાજની પણ છે. સમાજની એ દેવીને કલંક્તિ ન કરો. તમે પૂજા કરો તો વાંધો નથી, તમે ચંદન લગાવો, ફૂલ ચઢાવો એ બરાબર છે, પરંતુ દેવીને તમે ડાકણ કે ચુડેલના રૂપમાં રજૂ કરો તો એમાં આપણી માતાની બેઇજ્જતી થાય છે. અમે તમને એવું નહિ કરવા દઈએ. દેવી કદાપિ લોહી પી શકતી નથી. જે દેવી લોહી પીતી હોય તે દેવી કઈ રીતે હોઈ શકે ?

તેને તો પિશાચિણી અને ચૂડેલ કહેવી જોઇએ. એવી દેવીનું ધર્મમાં સ્થાન નથી, હત્યાને કોઈ સ્થાન નથી. કતલ કરવાને અને ધર્મને કોઈ સંબંધ નથી. એ ભયંકર પાપ છે. આવું પિશાચીપણું આપણા હિંદુ સમાજમાં અનેક જગ્યાએ જોવા મળે છે. આપણે લોકોના વિવેકને જાગ્રત કરવો પડશે. દુનિયામાં એવી કોઈ દેવી નથી હોતી, જે જાનવરોનું, માણસોનું, બકરાનું કે મરઘીઓનું લોહી પીવે અને માંસ ખાય.

### પ્રખર આંદોલન કરો -

આ ગંદા રિવાજો વિરુદ્ધ સત્યાગ્રહ કરવો જોઇએ. ભલે એનાથી થોડુંક નુકસાન સહન કરવું પડે કે કાયદાનું ઉલ્લંઘન થતું હોય, તો પણ તે કરવું જોઇએ. ન્યાય મોટો છે, કાયદો મોટો છે. જો કાયદો એવું કહેતો હોય કે વૃદ્ધ સાથે નાની છોકરાના લગ્ન કરવામાં કાયદાનો ભંગ થતો નથી અને છોકરીનો બાપ કોઈ ઘરડા માણસ સાથે તેના લગ્ન કરી રહયો હોય તો આપણે કાયદાની પરવા કર્યા વગર એવા લગ્ન અટકાવવા જોઇએ.

આ રીતે લોકોમાં બળવો કરવાનો ભાવ પેદા કરવો જ જોઇએ. ધર્મના નામ અઢળક ધનનો દુરુપયોગ થઈ રહયો છે તેને અટકાવવા માટે આપણે સંઘર્ષ કરવો પડશે અને કહેવું પડશે કે પોતાના અંગત સ્વાર્થ માટે જેમણે મહંત કે ગાદીના નામે અપાર ધન ભેગું કર્યું છે તેનો સમાજ માટે ઉપયોગ કરવો જોઇએ. એવા મંદિરોમાં આપણે દાન ન આપવું જોઇએ. જે પૂજારીઓ કરોડોપતિ બની ગયા છે અને રાજા-મહારાજાઓની જેમ વિલાસી જીવન જીવી રહયા છે એવા લોકોને કહેવું પડશે કે તમે સાચા ધર્માચાર્ય નથી. અમે તમને એવા ધર્માચાર્ય રહેવા દઈએ નહિ. જો તમે ધર્માચાર્ય હો તો તમારે સંતની જેમ રહેવું જોઇએ અને તમારી પાસે જે ધનસંપતિ છે તેનો સમાજના કલ્યાણ માટે, પછાત લોકોને આગળ લાવવા માટે સદુપયોગ કરવો જોઇએ. જો તેઓ ના માને અને આપણી વાત સ્વીકારવા તૈયાર ના હોય તો આપણે સંઘર્ષ કરવો પડશે. કઈ કઈ રીતે સંઘર્ષ કરી શકાય તે સમય આવ્યે બતાવીશ. આપણે એક એવી લોકવાહિની તૈયાર કરવી પડશે. તેઓ સ્વયંસેવક હશે અને મરવા માટે પણ તૈયાર રહેશે. એવી લોકવાહિનીના સંરક્ષણ માટે છાવણી તથા અખાડા શરૂ કરી શકાય.

ખરેખર એવા અખાડા શરૂ કરવા જોઇએ. તેમના કાર્યનું પ્રદર્શન પણ થવું જોઇએ. તેમણે સત્યાગ્રહ અને ઘેરાવ કરવો જોઇએ. તેમણે લોકોની અંદર કુરિવાજો, અન્યાય, અનીતિ વગેરે સામે વિદ્રોહની ભાવના જગાડવી જોઇએ. જે લોકો પર અત્યાચાર થઈ રહયો હોય તેમની સંખ્યા ઓછી હોય તો તેમને મદદ કરવા એક મોટી સેના તૈયાર કરવી જોઇએ. સરકારી સેના જેવી નહિ, પણ ક્રાંતિકારી સેના જેવી સેના ભાવિ મહાભારત લડવા માટે ઊભી કરવી પડશે. ભ્રષ્ટાચારીઓ બેઈમાનો, દૂધમાં ભેળસેળ કરનારા, ઓછું તોલનારા, ખરાબ વસ્તુઓ બનાવનારા તથા વેચનારા લોકોની સામે સંઘર્ષ કરવો પડશે. તેમને કહેવું પડશે કે તમારે આવું કામ ન કરવું જોઇએ અને તે કરવા પણ નહિ દઈએ.

## સંઘર્ષની અનેક રીતો -

તમને તમારા પૈસાથી ગમે તે કામ કરવાની છૂટ મળી શકે નહિ. સિનેમાવાળાઓ સામે પેકેટિંગ કરવું પડશે અને ધરણા કરવા પડશે. તેમના કૅમેરાને બંધ કરાવવા પડશે. ગાયકો કે બીજા લોકો જો ગંદા ગીતો ગાતા હોય તો તેની સામે પણ સત્યાગ્રહ કરવો પડશે. જે સાહિત્યકારો અશ્લીલ સાહિત્ય લખીને સમાજનું પતન કરે છે તેમના ઘર સામે ભૂખ હડતાલ કરવી જોઇએ. એમાં જો કોઈને જીવ ખોવો પડે તો એ માટે પણ તૈયાર રહેવું જોઇએ. તેમણે જે પુસ્તકોમાં ગંદી વાતો લખી હોય તેના અવતરણો ટાંકીને સમાજમાં ચોપાનિયાં વહેંચવા પડશે અને સમાજને કેટલું નુકસાન પહોંચાડી રહયા છે અને તેમણે કેટલા લોકોનું પતન કર્યું છે. આ રીતે એમનો ભાંડો ફોડવા માટે તૈયાર રહેવું જોઇએ.

ગુંડાતત્વો એટલા માટે વધી રહયાં છે કે તેઓ એવું માને છે કે અમારો સામનો કરનારું કોઈ નથી અને અમે મન ફાવે તેમ કરી શકીએ છીએ. આ ગુંડાતત્વોને જ્યારે એવી ખબર પડશે કે અમારો સામનો કરવા માટે સમાજમાં અમુક લોકો તૈયાર થઈ ગયા છે અને તેઓ અમને કોઈ પણ ખરાબ કામ નહિ કરવા દે, અમારો સામનો કરશે ત્યારે તેમનો ઉત્સાહ ઠંડો પડી જશે. આજે ગુંડાગીરી વધી રહી છે તેનું કારણ એ છે કે એક માણસને નુકસાન થતું હોય ત્યારે બીજા લોકો કશું બોલતા નથી.

તેઓ એવું કહે છે કે અમે શા માટે મુસીબતમાં ફસાઈએ ? આવી મનોવૃત્તિથી તો મુસીબતો વધે છે. જે લોકોએ મુસીબતનો સામનો કરવા કમર કસી છે અને તે માટે કંઈપણ કરી છૂટવા તૈયાર છે એવા લોકોએ સંગઠિત થઈને એક લોકસેના ઊભી કરવી જોઇએ. જે લોકો હિંમત હારી ગયા હોય, પોતાને એકલા અનુભવતા હોય, જેઓ માનતા હોય કે ગુંડાઓ મને હેરાન કરશે તેમનામાં હિંમત આવી જશે. ત્યારે અનીતિનો સામનો કરવા માટે માત્ર લોકવાહિની જ નહિ, પરંતુ અસંખ્ય લોકો તૈયાર થઈ જશે અને એક એવી ક્રાંતિ થશે જેમાં લોકો લોકો વચ્ચે તથા વર્ગવર્ગ વચ્ચે વિગ્રહની જે આગળ સળગી રહી છે તે શાંત થઈ જશે.

આપણે અસંતોષની આગને મનમાં જ સળગતી રાખવાની નથી, પરંતુ તેને પ્રગટ કરવાની છે. સમાજમાં જે અસંતોષજનક પરિસ્થિતિઓ છે તેમને દૂર કરવાની છે, તેમની સામે લડવાનું છે. લોકો જ્યારે જ્ઞાનયજ્ઞની પ્રભાવિત થાય અને રચનાત્મક કાર્યો દ્વારા પોતાની મનોભૂમિને એવી બનાવી લે કે સમાજ પ્રત્યે આપણું પણ કંઈક કર્તવ્ય છે, ફરજ છે અને સમાજ માટે ત્યાગ કરવો જોઇએ ત્યાર પછી સંઘર્ષનું કદમ ભરવું જોઇએ. જ્યારે લોકોની અંદર એવી ભાવનાનો વિકાસ થાય અને પોતાની અંદર સમર્થતાનો અનુભવ કરે ત્યાર પછી સંઘર્ષ માટેની વિશાળ યોજના બનાવવી જોઇએ.

એ યોજના બનાવવાનો સમય હજુ આવ્યો નથી કારણ કે અત્યારે આપણે જ્ઞાનની વાતો કરી રહ્યા છીએ, રચનાત્મક કાર્યક્રમો ઘડી રહ્યા છીએ, પરંતુ જયાં એવી મનોભૂમિ તૈયાર થઈ ગઈ હોય ત્યાં એનું સ્વરૂપ તો ઘડી કાઢવું જોઇએ. આપણે એક એવી યુગસેના ઊભી કરવી જોઇએ, જે અનીતિ તથા અનાચારની વિરુદ્ધ, રૂઢિવાદ અને મૂઢમાન્યતાઓ વિરુદ્ધ સંઘર્ષ કરી શકે.

### ઉપયોગી રણનીતિ ઘડો -

આ સંઘર્ષ કઈ રીતે કરવો તેનો આધાર સ્થાનિક પરિસ્થિતિઓ પર રહેલો છે. તેના માટે એક નીતિ નક્કી કરી શકાય. જો કે એનું સ્વરૂપ ઘડી શકાય નહિ. કયા મોરચે ક્યારે ગોળી છોડવી યા છુપાઈને બેસી રહેવું તે પીછેહઠ કરવી એ તે વખતના સેનાપતિનું કામ છે.

રચનાત્મક કાર્યક્રમો અને જ્ઞાનયજ્ઞના કાર્યક્રમોની જેમ તેની રૂપરેખા બનાવી શકાતી નથી. સંઘર્ષના સ્વરૂપનો આધાર તે વખતની પરિસ્થિતિઓ ઉપર રહે છે. જેમાં સફળતા મળવાની આશા હોય એ કાર્યને પહેલાં હાથ ધરવું જોઇએ.

કાર્ય ક્યાંથી શરૂ કરવું અને પૂરું ક્યાં કરવું એ પછીનીવાત છે, પરંતુ આપણે એવું માનીને ચાલવું જોઇએ કે વ્યક્તિનું નિર્માણ કરતા પહેલાં, નવો યુગ લાવતા પહેલાં આપણે દુષ્ટ તત્વોનો સામનો કરવો જ પડશે. એ સંઘર્ષ માટે આપણે લોકોને પણ તૈયાર કરવા પડશે અને એક લોકવાહિની સેના બનાવવી પડશે. એવી છાવણીઓ પણ બનાવવી પડશે જયાં કેટલાક લોકોની ખાવાપીવાની અને રહેવાની વ્યવસ્થા હોય. જે લોકો પોતાનો જાન હથેળીમાં રાખીને પાપ તથા અનાચારની સામે સંઘર્ષ કરે તેમના માટે એવી વ્યવસ્થા જરૂરી છે.

બ્રાહ્મણનું કામ જ્ઞાનયજ્ઞનું છે, ક્ષત્રિયોનું કાર્ય સંઘર્ષ કરવાનું છે અને વૈશ્ય તથા સેવામાં જેમને રસ હોય તેમના માટે રચનાત્મક કાર્યક્રમોનું આયોજન છે. રચનાત્મક કાર્યક્રમોના ત્રણ અંગ છે. ગાયત્રીના ત્રણ ચરણોના રૂપમાં મેં યુગનિર્માણ યોજનાને ત્રણ ભાગમાં વહેંચી દીધી છે. પહેલો જ્ઞાનયજ્ઞ પછી રચનાત્મક કાર્યક્રમો અને છેલ્લે સંઘર્ષ. આ કાર્યક્રમો પાપોનો વિનાશ કરીને જ જંપશે, અનાચારને જીવવા નહિ દે. સમાજમાં વ્યાપેલા અવિવેક, અજ્ઞાન અને અન્યાયને જડમૂળમાં ઉખાડી નાંખશે, આવું એક અંતિમ યુદ્ધ લડાશે, જેને હું ભાવિ મહાભારત કહું છું. ભારત નાનો નહિ રહે, પરંતુ વિશ્વવ્યાપી ભારત બનશે. તેને આપણે મહાભારત પણ કહી શકીએ છીએ. આવું એક મહાભારત અર્થાત્ એવો એક સંઘર્ષ થશે, જેના કારણે કોઈ પાપ, કોઈ કુરિવાજ કે કોઈ અનાચાર બચશે નહિ. આવા સંઘર્ષ માટે આપણે તૈયારી કરવી જોઇએ. જયાં તેનું નાનું મોટું સ્વરૂપ ઊભું કરી શકાય ત્યાં વિરોધ આંદોલનના રૂપમાં તથા ખોટા કામ નહિ કરવાની પ્રતિજ્ઞાના રૂપમાં તે શરૂ કરવું જોઇએ અને ધીરેધીરે તેનો વિકાસ કરવો જોઇએ. આજની વાત સમાપ્ત ॐ શાંતિ ...